# અરવલ્લીમાં ૩ દિવસમાં ડેન્ગ્યુના ૧૦ શંકાસ્પદ કેસ

## જિલ્લાના અલગ અલગ વિસ્તારમાંથી ૫ કેસ મળી આવ્યા : આરોગ્ય વિભાગ દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યું







ગુજરાતભરમાં ડેન્ગ્યુના રોગચાળાએ હાહાકાર મચાવ્યો છે. જેમાંથી અરવલ્લી જિલ્લો પણ બાકાત રહ્યો નથી. અરવલ્લી જિલ્લામાં પણ છેલ્લા ૩ દિવસમાં શંકાસ્પદ ડેન્ગ્યુના ૧૦ કેસ સામે આવ્યા છે. જિલ્લાના મોડાસાના ગઢાકંપામાં ૫ કેસ મળી આવ્યા છે. જ્યારે જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાંથી ૫ જેટલા શંકાસ્પદ ડેન્ગ્યુના કેસ સામે આવ્યા છે. આ તમામ લોકો હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. જિલ્લા ડેન્ગ્યુના રોગચાળાએ માથુ ઉંચકતા દર્દીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. જ્યારે જિલ્લા આરોગ્ય તંત્ર આ રોગચાળો વધુ ન વકરે તે માટેના પ્રયાસો કરી રહ્યું છે. અને જે વિસ્તારમાંથી ડેન્ગ્યુના કેસ મળી આવ્યા છે તે વિસ્તારમાં સર્વેની કામગીરી હાથ ધરી છે. આ રોગચાળો વધુ ન વકરે તે માટે આરોગ્ય વિભાગ દ્વારા સર્વે અને ફોગીંગ જેવી કામગીરી કરીને રોગચાળાને અટકાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# નવરાત્રીના માહોલમાં અરવલ્લી જિલ્લાને ચોરોએ ઘમરોળ્યો

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લામાં નવરાત્રીમાં તસ્કરો દ્વારા ચોરી, લૂંટની ઘટનાઓને અંજામ આપવાની ભીતી સેવાઈ રહી હતી. ત્યાં ગુરૂવારે રાત્રે તસ્કર ટોળકીએ અરવલ્લી જિલ્લાના ૭થી વધુ ગામોમાં હાથફેરાને અંજામ આપી પલાયન થઈ ગયા હતા. જિલ્લામાં પોલીસતંત્ર જાણે વામણુ પુરવાર થતુ હોય તેવી રીતે તસ્કરો તળખળાટ મચાવી રહ્યા છે. અરવલ્લી જિલ્લા પોલીસ જાણે ઘોડા છુટી ગયા પછી તબેલાને તાળા મારવા જેવી યુક્તિને સાર્થક કરી રહી છે. તસ્કરો બેફામ ચોરી, લૂંટફાટની ઘટનાને અંજામ આપી ફરાર થઈ ગયા પછી તપાસનો ધમધમાટ શરૂ કરવાનું નાટક કરી રહી હોય તેમ ડૉગ સ્કવોડ અને પોલીસ કાફલા સુધી ચોરીના સ્થળે ધસી આવે છે. જિલ્લામાં પોલીસતંત્રની નિષ્ક્રિય કામગીરીથી જિલ્લાના પ્રજાજનો અને દુકાનદારોમાં રોષ વ્યાપી ગયો છે.



અરવલ્લી જિલ્લામાં નવરાત્રીનો માહોલ જામ્યો છે ત્યારે તસ્કરો અને ધાડપાડુ ટોળકી બેફામ બની હોય તેમ જિલ્લાના અનેક વિસ્તારોમાં ચોરીની ઘટનાને અંજામ આપી રહી છે. મોડાસાના ટીંટોઈ ગામે એક સોસાયટીમાં ચાર મકાનોના તાળા તુટ્યા હતા. પરંતુ મકાન માલિકો બહાર રહેતા હોય ફેરો ખાલી પડ્યો હતો. પરંતુ નવરાત્રીમાં લોકોની અવરજવર વચ્ચે ચોરોએ મકાનોના તાળા તોડતા પ્રજામાં ભય ફેલાયો હતો.

મોડાસાના ગઢડા ગામમાં તસ્કર ટોળકીએ ખેતરમાંથી રતીલાલ પટેલના ડ્રીપ પાઈપ લાઈનના ૪૩ બંડલ, હરીભાઈ વાડીલાલ, ભાઈલાલભાઈ પટેલ, મણીલાલ પટેલ સહિતના ભૂમિપુત્રોના ખેતરમાંથી એકજ રાતમાં ૨૩૯

**જિલ્લાના ટીંટોઈ, માંકરોડા, ગઢડા, નવાગામ, છીટાદરા, બોરલ, વાત્રક સહિતના ગામડાઓમાં તસ્કરોનો હાથફેરો : શાળા અને હાઈસ્કૂલમાંથી વિજઉપકરણો ચોરતી ગેંગ સક્રિય**

બંડલ કિંમત રૂ. ૪૭૮૦૦ના ચોરાયા હતા. મોડાસા પોલીસે ખેડૂતોની ફરિયાદના આધારે તપાસ હાથ ધરી હતી. ભિલોડા તાલુકાના માંઠરોડા ગામે રહેતા પ્રદિપભાઈ મોડિયાના ઘરમાંથી ચોરોએ બાઈક, લેપટોપ અને કાર ઉઠાવી જતા ૧.૯૫ લાખની ચોરીની ભીલોડા પો. સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. બાયડ તાલુકાની બોરલ હાઈસ્કૂલ અને પ્રાથમિક શાળામાં ત્રાટકેલા તસ્કરોએ ૩૮,૫૦૦ની મત્તા ચોરાઈ હતી. વાત્રક પ્રાથમિક શાળામાં ગેસની બોટલ સહિત મધ્યાહન ભોજનનો માલસામાન ઉઠાવી ગયા હતા.

મેઘરજના છીટાદરા ગામે ગુરૂવારની રાત્રીએ ઈટાદરા હાઈસ્કૂલમાંથી એલસીડી, પાંચ કોમ્પ્યુટર તેમજ ઝેરોક્ષ પ્રીન્ટર સહિતના વિજ ઉપકરણો સહિત માઈક્રોફોન અને ઘડિયાળ મળી કુલ ૫૯૦૦૦ની ચોરીની મત્તા લુંટી ગયા હતા. નવાગામમાં પટેલ મગનભાઈના દુકાનમાં પણ હાથફેરો કર્યો હતો. જ્યારે નવાગામ દૂધ મંડળીના તાળા તોડી ઘીના ૫૦૦ ગ્રામ વજનના ૧૧૫ પાઉચ ચોરાયા હતા. નવાગામ દૂધ મંડળીના સીસીટીવી કેમેરામાં તસ્કર ગેંગના એક ચહેરો સ્પષ્ટ દેખાય છે. ત્યારે મેઘરજ અને ઈસરી પોલીસ દ્વારા તસ્કરોને ઝડપથી સકંજામાં લઈ જેલના હવાલે ધકેલી દેવા પ્રજાજનોની માંગ ઉઠી છે.

નવરાત્રીના માહોલમાં પોલીસ દ્વારા સઘન બંદોબસ્ત બનાવવા અને રાત્રી પેટ્રોલીંગ કરવા માટે જિલ્લાના પ્રજાજનોએ ઉગ્ર માંગ કરી હતી.

# પ્રાંતિજ હાઈવે પર કારની ટક્કરે બાઈકચાલકનું કરૂણ મોત

## મોટા ભાઈનું પણ ૨૧ વર્ષ પહેલા તેજ તારીખને તેજ વારને તેજ રોડ ઉપર અકસ્માતે મોત થયું હતું : આ પરિવાર ઉપર ૨૧ વર્ષ પહેલાં ફાટેલુ આભ ફરી ફાટ્યું બીજા દિકરાનું પણ અકસ્માતમાં મોત

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ સિવિલ પાસે કાર



અને મોટર સાયકલ વચ્ચે અકસ્માત થતાં મોટર સાયકલ ચાલકનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું.

પ્રાંતિજ અમદાવાદ હિંમતનગર નેસનલ હાઈવે આઠ પાસે અમદાવાદ તરફથી રાજસ્થાન તરફ જઈ રહેલ આઈટેન કાર નંબર આરજે૩૬સીએ ૨૭૪૯૮ ચાલક દ્વારા ફૂલ સ્પીડે હંકારી લાવી સાઈડમાંથી પસાર થતા પેજર મોટર સાઈકલ નંબર જીજે-૯સીએ-૬૨૭૦ ઉપર જઈ રહેલ બાલાણી હરેશભાઈ ઘનશ્યામભાઈ રહે. પ્રાંતિજ ઉં.વ. ૪૫ કે જેવો રોડની સાઈડમાં ક્રોસ કરી રહ્યા હતા તે સમયે તેમણે અચાનક આવી ટક્કર મારતા તેવો સાઈડમાં આવેલ ડીવાઈડર સાથે ટકરાયા હતા. જ્યાં તેમણે માથાના ભાગે ઈજાઓ થતાં ઘટનાસ્થળે મોત થયું હતું.

પ્રાંતિજ પોલીસને જાણ થતા તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને યુવકને પ્રાંતિજ સિવિલ ખાતે પી.એમ. માટે મોકલવામાં આવ્યો હતો. અને ટ્રાફિક ખુલ્લો કર્યો હતો. જ્યારે હાઈવે ઓથોરીટી સ્ટાફ પણ ઘટનાસ્થળે આવી કાર તથા પેજર મોટર સાઈકલને ખસેડવામાં આવી હતી. જ્યારે પરિવાર ઉપર આભ ફાટવા છતાં મન મોટુ રાખી પીએમ પહેલા મૃતકની આંખોનું ચક્ષુદાન કરવામાં આવ્યું હતું.

મૃતકનો મોટો ભાઈ પણ અમદાવાદ હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર ૧૬-૧૦-૧૯૯૪ને શુક્રવારના રોજ ૨૧ વર્ષ પહેલા અકસ્માતમાં મોત થયું હતું અને મૃતક હરેશભાઈ પણ ૧૬-૧૦-૨૦૧૫ને શુક્રવારના રોજ અકસ્માતમાં આજ રોડ ઉપર એજ તારીખ એજ વારે મોત થયું છે. આમ આ પરિવારના બન્ને દિકરાઓનું એકજ તારીખ અને વાર અને આજ રોડ ઉપર અકસ્માતમાંથી મોત થતાં પરિવાર તથા સગાસંબંધીઓમાં પણ શોકનું મોજુ ફેરવાઈ ગયું છે.

જ્યારે અનેકવાર આ સ્થળે અકસ્માત થતાં કેટલાક લોકોએ જીવ ગુમાવ્યો છે છતાં હાઈવે ઓથોરીટી દ્વારા અહી બમ્પ કે કોઈ જાતની સગવડ કે બાજુમાં ઉગેલા ઝાડવા કાપવામાં આવતા નથી. અવારનવાર અકસ્માત થતાં હોય છે. અને કેટલાય લોકોને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.

# વેજપુર ગામમાં ખેડુત શિબિરનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વેજપુર ગામમાં સજીવ ખેતી સંદર્ભે ખેડુત શિબિરનો કાર્યક્રમ યોજાયો હતો. પ્રગતિશીલ ખેડુતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિસ્તરણ અધિકારી ખેતી વિભાગના નરસિંહભાઈ પટેલ, ધવલભાઈ ચૌધરી, ગ્રામ સેવક રજનીભાઈ પટેલ, સહસંશોધક વૈજ્ઞાનિક જે. એમ. પટેલ, જીવાભાઈ લટા સહિત અગ્રણી ખેડુતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નરસિંહભાઈ પટેલએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે સજીવ ખેતી વિશે ખેડુતોને વિસ્તૃતમાં માહિતી આપી માહિતગાર કરી સાથે-સાથે વધુમાં જણાવ્યું હતું કે સજીવ ખેતીથી ખેડુતો વધુમાં વધુ આવક મેળવી શકે છે.

# ભિલોડા તાલુકા વિજ્ઞાન પ્રદર્શનમાં અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ ઝળકી

ભિલોડા,તા.૧૭

ભિલોડા તાલુકા કક્ષાનું ગણિત,વિજ્ઞાન પ્રદર્શન લુસડીયા ખાતે યોજાયું હતું. ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ પ્રથમ ક્રમે આવતા આનંદની લાગણી પ્રસરી છે. અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓ નિર્મિત લેસર સીક્યુરીટી સિસ્ટમ નામની કૃતિ ભિલોડા તાલુકા કક્ષાના વિજ્ઞાન, ગણિત, પર્યાવરણ પ્રદર્શન વિભાગ-૩ માં પ્રથમ નંબર પ્રાપ્ત કરી જીલ્લાની સ્પર્ધા માટે ક્વોલીફાઈડ થયેલ છે. કૃતિ તૈયાર કરવામાં શાળાના વિજ્ઞાન શિક્ષક બી. કે. ભાટીયાના માર્ગદર્શન હેઠળ ધોરણ.૯ના વિદ્યાર્થીઓ ગૌરવ અસારી, દેવેન્દ્ર પરમાર ધ્વારા તૈયાર થયેલ છે. તાલુકા કક્ષાએ પ્રથમ નંબર મેળવતાં ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીભાઈ બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ, ડાયરેક્ટર દેવાંગભાઈ બારોટ, આચાર્યટી. કે. પરમારએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

# મોડાસામાં ફિક્સ વેતનના આઈ. ટી. આઈ. કર્મચારીઓએ આવેદનપત્ર આપ્યુ

મોડાસા, તા. ૧૭

આજે ગુજરાત સરકાર દ્વારા વિવિધ કચેરીમાં વર્ગ-૩ના કર્મચારીઓ પાંચ વર્ષ જેટલા ખુબ



લાંબા સમયગાળા માટે ફિક્સ પગારની નીતિ અંતર્ગત વિવિધ કેડરમાં નિમણુંક કરવામાં આવેલ છે. જે હાલની મોંઘવારીમાં ગુજરાતના કર્મચારીઓનું ગુજરાત સરકાર દ્વારા શોષણ અટકાવવા માટે ફિક્સ પગારના અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આઈ.ટી.આઈ.ના કર્મચારીઓએ નિયામકને આવેદન પત્ર આપ્યું.

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક એવા મોડાસા શહેરમાં આજ રોજ આઈ.ટી.આઈ.ના વર્ગ ૩ના કર્મચારીઓ દ્વારા નિયામકશ્રીને ફિક્સ પગારની નીતિ અંતર્ગત આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. જેમાં ઉલ્લેખ કર્યો હતો કે ગુજરાત સરકાર દ્વારા કાયદાનું અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટનું સેરઆમ ઉલ્લંઘન થતુ હોવાનું દેખીતું ઉદાહરણ છે. ગુજરાત સરકારમાં જ ફીક્સ પગારની કોઈ એક નીતિ કરવામાં આવે નથી અને અલગ અલગ રીતે અમલ કરવામાં આવે છે. જે અલગ અલગ જિલ્લામાં જુદી જુદી કેડરને ફક્ત ત્રણ વર્ષ માટે ફિક્સ પગારથી ભરવાની નીતિ નક્કી કરી પાંચ વર્ષ સુધી ફુલ્લી પગાર ના કરતા વર્ગ ૩ના કર્મચારીઓએ જુદી જુદી જગ્યાએ આવેદનપત્ર આપી સરકારની આંખો ખોલવાનો પ્રયાસ કર્યો હતો.

## ઊંઝા ઉમિયા માતાજી મંદિરને ઉડાવી દેવાના ધમકીભર્યા પત્ર મળતા ખળભળાટ

વેપારી મથક ઊંઝા શહેરના એસ.ટી. ડેપો અને ઉમિયા માતા મંદિરને ઉડાવી દેવા અંગેનો એક ધમકીભર્યો પત્ર સ્થાનિક ડેપો મેનેજરને મળ્યો હતો. જેથી ડેપો મેનેજરે ઊંઝા પોલીસને જાણ કરતાં પોલીસ આ સ્થળે ચેકીંગ કર્યું હતું. પરંતુ કોઈ જ વાંધાજનક વસ્તુ મળી આવી નહતી. ઊંઝા ડેપો મેનેજરને ઉદ્દેશીને લખાયેલ ધમકીભર્યો પત્ર આજે બપોરે પોસ્ટ મારફતે મળ્યો હતો. જેમાં ઊંઝા એસટી ડેપોમાં અત્યારે બોમ્બ છે. સાથે સાથે ઊંઝામાં આજે અમે ઉમિયા માતાજી મંદિર બોમ્બથી ઉડાવી દઈશુ. બપોર પછી ભાગ જાવ સબ લોગ.





સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાતમાં પાટીદાર અનામત હજુ ઠંડુ પડવાનું નામ ના લેતું હોય તેમ નવલી નવરાત્રીમાં પણ પાટીદારોનો રોષ જોવા મળ્યો હતો. પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ માતૃછાયા સોસાયટી ખાતે દર વર્ષની જેમ નવલી નવરાત્રી યોજાય છે. પણ આ વર્ષે સોસાયટીમાં પાટીદારો દ્વારા અનામતના વિરોધમાં નવલાં નોરતામાં પણ સરકાર સામે વિરોધ કરવાનું ચુક્યા નથી અને ગરબાની રમઝટમાં પણ થાળીઓ અને વેલણની સાથે મહિલાઓ અને પુરૂષો ગરબા ગાતા વિરોધ કરતાં નજરે પડ્યા હતા.





## ભિલોડામાં રાજ્ય કક્ષાની નેટ બોલ અને કેરમ બોર્ડ સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં ગુજરાત રાજ્ય કક્ષાના અંડર-૧૭ નેટ બોલ અને કેરમ બોર્ડ ભાઈઓની સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો હતો. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર, જીલ્લા રમત-ગમત અધિકારી કચેરી અરવલ્લી, અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ ભિલોડાના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. ગુજરાત રાજ્ય કક્ષાની સ્પર્ધાના ઉદ્‌ઘાટક ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીભાઈ બારોટ, સહમંત્રી નયનાબેન બારોટના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન કરાયું હતું. રાજય કક્ષાની નેટ બોલની કુલ ૨૭ ટીમોમાં ૩૨૪ ખેલાડીઓ, કેરમની કુલ ૧૩ ટીમો ૬૫ ખેલાડીઓ કુલ ૩૮૯ ખેલાડીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ભિલોડા આર. જી. બારોટ એજ્યુકેશન કેમ્પસમાં આવેલ અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં જીલ્લા રમત-ગમત કચેરી, અરવલ્લીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સ્પર્ધામાં યુવા પ્રાંત અધિકારી રાજુભાઈ ગામેતી, પ્રિન્સિપાલ ડૉ. ટી. કે. પરમાર, આર.એસ.ચૌહાણ, પી.ટી.આઈ. વનરાજભાઈ ડામોર, મુકેશભાઈ સી. ત્રિવેદી, પ્રો. કો. ઓ. રાજુભાઈ પટેલ, દિનેશભાઈ ચૌધરી, યોગેશભાઈ પટેલ, આર. જી. બારોટ એજ્યુકેશન કેમ્પસના દરેક ફેકલ્ટીના શૈક્ષણિક સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ, તાલિમાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મેઘરજમાં વીજતંત્રના દરોડા ત્રણ લાખની વીજચોરી ઝડપાઈ

ઈસરી, તા. ૧૭

મેઘરજ તાલુકામાં યુજીવીસીએલની ત્રણ ટીમોએ તાલુકાના જુદા જુદા પંદર ગામોમાં ઓચીંતા દરોડા પાડ્યા હતા. જેમાં ઘર કનેક્શનમાં ગેરરીતી આચરનાર ૨૮ ગ્રાહકો વીજચોરી કરતા ઝડપાયા હતા. તાલુકાના પંદર ગામોમાંથી કુલ રૂપિયા ત્રણ લાખની વીજચોરી ઝડપાઈ હતી. યુજીવીસીએલ દ્વારા સવાર-સવારમાં પડાયેલ દરોડાથી વીજચોરીમાં ગભરાટ વ્યાપી ગયો હતો.

શનિવાર સવારના સમયે મોડાસા, ઈડર અને ભિલોડા ડીવીઝનની ટીમોએ તાલુકાના ગોરવાડા, કાલીયાકુવા, રાયાવાડા, બાંઠીવાડા, ડામોરઢુંઢા, સેદર્યો, ઉન્ડવા, મોટીમોરી, મુન્સીવાડા, નવાગામ, ઈટવા, લાલપુર, પાણીબાર અને મહુડી ગામોમાં ઓચીંતી રેડ કરતા વીજચોરી કરનાર ૨૮ ગ્રાહકોને ઝડપી પાડવામાં સફળ રહી હતી અને આ પંદર ગામોમાંથી કુલ રૂપિયા ત્રણ લાખની વીજચોરી ઝડપાઈ હતી.